

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

બતાવે સપનાં ને નારદની 'જન્મભૂમિ' છે
કંસ ને રાવણ જેવાની પણ જન્મભૂમિ છે!
'જન્મભૂમિ' છે ભક્તોની, તરે રામકૃષ્ણ નામે -
'જેલ', સજા નથી, યાત્રા છે પવિત્ર જન્મભૂમિ છે

હાઈકુ

તને વિતાવી -
મુજ પર વીતે છે !!
- ખરતું પાન...
(ચિદમ્બર ચિંતા)

સુખ-દુઃખ તો
પૈડાં ના આરા જેવું -
કર્મનું ફળ !!
(કરોડોની માયાજાળ)

### ચિંતન

અગ્ને ! નવ સુ-પથી રાયે અસ્માન્ ।
વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન ॥

ઉપરોક્ત શ્લોક, ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હે પ્રભુ, અમને સાચા માર્ગ પર લઈ જજે, તું બધું જ જાણે છે એ વાત અમે સતત સ્મરણમાં રાખીએ એવું કરજે.

અહીં સંબોધન અગ્નિને કર્યું છે. પણ અગ્નિ પ્રકાશિત હોવાથી અંધકારને દૂર કરે છે અને પથ પ્રદર્શક તરીકે આપણી સાથે રહે છે. આમ અગ્નિ પ્રભુ તરીકે અહીં સંબોધિત થયા છે.

કેટલીક અહંકાર પ્રેરિત વિભાવનાઓ આપણને સુપથ એટલે કે સાચો માર્ગ ચાતરી જવા લલચાવે છે. એ વખતે આપણે ભૂલી જઈએ છીએ કે આવી ક્ષણો આપણા ચિત્તમાં જે વિચારો પેદા થયા છે. એ ઈશ્વર તો જુએ જ છે. આપણી નિર્બળતાને પણ ઈશ્વર તો જાણે જ છે અને એટલે જ અહીં કહેવામાં આવ્યું છે કે ઈશ્વર આ બધું જુએ છે અને જાણે છે એનું આપણે સતત સ્મરણ રાખવું જોઈએ. જો આવું સ્મરણ રહેશે તો સુપથ ચાતરી જવાની નબળી ક્ષણે આપણે સભાન થઈ જઈશું. અને આ સભાનતા જ આપણને સાચા માર્ગે દોરી જશે.

### સુવિચાર

- જિન્હે ભરોસા નહીં અપની મહેનત પર, મની પ્લાન્ટ વોહી ઘર પર લગાતે હૈ - **સરફરાઝ જાવેદ**
- સંયમિત દેહ, સંયમિત મન અને સંયમિત વાણી જેનાં થયાં તે પોતે પરમાત્મા થઈ ગયો - **દાદા ભગવાન**
- સ્વભાવ દશા આવી એનું નામ જ 'મુક્તિ' - **એસ. ભટ્ટાચાર્ય**
- જાણવાનું તે ના જાણ્યું ને ના જાણવાનું તે જાણ્યું, તેણે જ આપણને રડાવ્યા છે, આનાથી બોજો વધે છે - **ઓશો**
- જ્યાં લેતી-દેતી છે ત્યાં આત્મા હોય નહીં. લેતી-દેતી છે ત્યાં શેરબજાર છે - **બોધિવૃક્ષ**
- પોતપોતાના 'સેલ્ફનું રિયલાઈઝ' કર્યું તે સાક્ષાત્કાર છે - **ડો. નિરુબેન અમીન**
- આજનું ઔષધ : કાળા તલ ચપટીભર પીસીને તેમાં દેશી ગોળ મેળવી સવાર-સાંજ ખાવાથી કબજિયાત દૂર થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

મુલ્લા નસરુદીનને ત્રીજા લગ્ન કર્યા. ત્રીજી પત્ની ઘરે આવી તો તેણે બે સ્ત્રીઓની તસવીર લટકતી જોઈ. એમે મુલ્લાને પૂછ્યું, 'આ કોની તસ્વીરો છે? મુલ્લાએ કહ્યું, 'મારી આગળની બે પત્નીઓની.' ત્રીજી પત્નીએ પૂછ્યું, 'એ બે પત્નીઓ હાલ કયાં રહે છે?' મુલ્લાએ કહ્યું, 'એ મરી ગઈ. પહેલીએ મશરુમ ખાધા તે ઝેરી હતા એટલે મરી ગઈ, બીજીની ખોપરી ટુટી ગઈ, પરંતુ ભૂલી એની જ હતી. મેં એને ખૂબ આગ્રહ કર્યો મશરૂમ ખરાવવા, તો પણ એ ખાતી ન હતી. મને ગુસ્સો આવ્યો અને માથા પર દસ્તાનો કર્યો ઘા અને એની ખોપરી ટુટી ગઈ. પરંતુ ભૂલ એની જ હતી મશરૂમ કેમ ખાતી ન હતી ?' આપણું પણ કંઈક આવું જ હોય છે. ભૂલ હંમેશા બીજાની હોય છે. 'ભૂલ' શબ્દ જ બીજાની જેમ તીર બનીને આગળ વધે છે. ભૂલ આપણી તો કયારેય હોય જ નહીં. જો આપણી વધતા તીર ને જોતો હોય તેમ સ્થિર ઊભો રહે છે અને બળવાન બને છે.

# જેટલીનું જવું એ ભાજપની મોટી ખોટ

**તંત્રીસ્થાનેથી...**

અરુમ જેટલી મેધાવી પ્રતિભા ધરાવતા ભાજપના ટોચના નેતા હતા એમણે જાહેરજીવનની કારકિર્દી તો છેક વિદ્યાર્થીકાળથી શરૂ કરી હતી. જયારે એમના જ બરના બૌદ્ધિક શશી થરૂર પણ એમના જેવા જ વિદ્યાર્થી હતા અને સક્રિય રાજનીતિની બારાખડી શીખી રહ્યા હતા. કાળક્રમે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના આ નેતા એમના કોંગ્રેસી શ્વસુર કે વિદ્યાર્તી મિન શશી થરૂરથી તદ્દન સામા પાટલે ચાલતા અને સાચા પૂરે તણાતા ભારતીય જનતા પાર્ટી પક્ષના ટોચના નેતા બની ગયા અને તે પણ કોઈ વિશેષ જનાધાર વગર, માત્ર બુદ્ધિના બળે, વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાડીના દેશોમાં એમને યાદ કરી ગળગળા થઈ જાય - 'મારો મિત્ર અરુણ ગયો' કહી આત્મીયજનની ચિરવિદાય સમયે મળી રહેલા યુનાઈટેડ આરબ અમીરાતના સર્વોચ્ચ સમ્માન 'ઓર્ડર ઑફ ઝાયેદ'ની ખુશી પણ સરખી રીતે ના મારી શકે ત્યારે સમજાય કે જનાધાર વગરના બૌદ્ધિક નેતા પણ ભારતીય રાજકારણમાં છેક પ્રથમ હરોળમાં પહોંચી શકે છે. જેટલીના રાજકારણનો પ્રારંભ જ ગુજરાતથી થયો હતો. રાજયસભાના સદસ્ય તરીકે કેશુભાઈ પટેલ અને નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન સળંગ ત્રણ ટર્મ અર્થાત્ પૂરાં અઢાર વર્ષ સુધી તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા રહ્યા હતા. ચોથી ટર્મ એમણે રાજસ્થાનમાંથી મેળવી પરંતુ લોકસભાની ચૂંટણીમાં કિસ્મત અજમાવવા ગયેલા કેન્દ્રીય નેતાએ પંજાબના વર્તમાન મુખ્યમંત્રી અમરિંદરસિંહ સામે નામોશીભરી હાર ખાવી પડી હતી. મોદીનો જાદુ અને નવા સવા અડૂક દડૂકિયાઓને ફળ્યો હતો અને લોકસભાની ચૂંટણીમાં હારી ગયા છતાં કેન્દ્ર સરકારમાં 'નંબર થ્રી' જેવી મહત્ત્વની જગ્યા પર અને નાણાં તથા સંરક્ષણમંત્રી ઉપરાંત માહિતી પ્રસારણ મંત્રીની ગંભીર જવાબદારીઓવાળાં પદો પર જેટલીને મોદીની કૃપાથી આરૂઢ થવાની તક સાંપડી હતી. વાજપેયી સરકારમાં કાનૂન વિભાગનો સ્વતંત્ર પ્રભાર સંભાળી ચૂકેલ અરુણ જેટલી પાર્ટીના અને સરકારના રાષ્ટ્રીય પ્રવક્તા ઉપરાંત 'ટ્રબલ શૂટર' તરીકેની ખ્યાતિ અર્જિત કરી ચૂક્યા હતા. પ્રાંજલ અંગ્રેજી અને પ્રભાવક હિંદીમાં રજૂઆત કરતા અરુણ જેટલી શ્રેષ્ઠ ધારાશાસ્ત્રી હતા એ એમની મોટી અસ્કામત હતી. એમણે પાર્ટીના હિતમાં પાર્ટી બહાર જે ગાઢ મૈત્રી સંબંધો વિકસાવ્યા હતા તે ભાજપ માટે આશીર્વાદરૂપ નીવડ્યા હતા. મોદીના રાજકીય ઉત્થાનમાં આડવાણી કરતાં પણ વધુ જેટલીનો ફાળો હતો. જયારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિરુદ્ધ ગોધરા પછીની ઘટનાઓ નિમિત્તે રોષ પ્રવર્તતો હતો અને ખુદ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી એમને હટાવી લેવા કૃતસંકલ્પ હતા ત્યારે અડવાણી અને જેટલીએ મોદીની પડખે અડીખમ દીવાલની જેમ ઊભા રહી એમની ઊગતી કારકિર્દી બચાવી લીધી હતી. મોદીનો જ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવા જોઈએ - એવો આગ્રહ રાખનારા અરુણ જેટલીએ એક સમયના એમના જ મોદીના રાજકીય આકા લાલકૃષ્ણ અડવાણીની મહત્ત્વાકાંક્ષા પર પાણી ફેરવી દીધું હતું. જનાધાર નહીં હોવા છતાં પ્રચંડ મનોબળ અને દૂરંદેશીને લીધે જેટલી મોદી સરકારના 'ઓરિજિનલ ચાણક્ય' અને 'રિયલ ડાયમંડ' બની રહ્યા હતા. જો તબિયતે દગો ન દીધો હોત તો મોદી-૨ માં પણ તેઓ એ જ ગૌરવભર્યું સ્થાન ભોગવતા હોત. પરંતુ કિડની ટ્રાન્સપ્લાન્ટ અને તે પછી સોફ્ટ ટિશ્યૂ કેન્સર જેવી પ્રાણઘાતક બિમારીથી મજબૂર જેટલીએ સામેથી પત્ર પાઠવી મોદીને એમની નવી સરકારમાં પોતાને સામેલ નહીં કરવા પત્ર પાઠવી ઘરે બેઠાં પાર્ટીને માર્ગદર્શન આપવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. સુષમા સ્વરાજ અને અરુણ જેટલી જેવી બે પ્રખર અને સિનિયર હસ્તીઓની ટૂંકા ગાળામાં થયેલી વિદાયથી વર્તમાન સરકારને અને સવિશેષ શાસક પાર્ટીને ન પુરાય એવી ખોટ પડી છે.

# વેચેલો માલ પરત લેવામાં નહિ આવે આવું લખાણ ગેરકાયદેસર છે

## ગ્રાહકોને મળતા અધિકાર માટે ગ્રાહકે ચોક્કસ પાકું બીલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ જે ગ્રાહકના હિતમાં છે



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

ગ્રાહકો બજારના રાજ છે તેના અધિકારો સરકારે કાયદા દ્વારા સુરક્ષીત કરેલ છે. ગ્રાહકોના હક્ક અને અધિકારને સરકારે સુરક્ષીત કરેલ છે. વેચેલો માલ પરત લેવામાં નહિ આવે આવું લખાણ કયાય પણ દુકાન કે મોલમાં લખવું એ ગેરકાયદેસર છે.

ગ્રાહક સુરક્ષા ફોરમે આવા લખાણ સામે ફરીયાદ કરતા અરજદારને માલ પરત અપાવી બદલી દુકાનદારને ૧૦૦૦ રૂા. નો દંડ કરવાનો હુકમ કરતા જણાવેલ કે આવું લખાણ કરવું એ ગેરકાયદેસર છે. દુકાનદારે ગ્રાહકને વેચેલો માલ ડિફેકટ કે ખામી યુક્ત જણાય તો પરત લેવો જોઈએ, બદલી આપવો જોઈએ અથવા તેના નાણા પરત આપવા જોઈએ.

ડિપાર્ટમેન્ટ ઓફ કન્ઝયુમર અર્ફેર્સ ૧૯૯૯ માં જ સામાન વેચાણ પર આપવામાં આવેલી રસીદ ઉપર વેચલો માલ પરત નહિ લેવામાં આવે તે છાપવા ઉપર પ્રતિબંધ મુકેલ છે. આ ઉપરાંત કોઈપણ વ્યક્તિએ ઈકવીટીમાં રોકાણ કરેલ હોય અને શેયરને પોતાની પાસે એક વર્ષા ઉપરાંત સમય સુધી રાખો છો તો હવે કન્ઝયુમર કહેવાશે નહિ કે ટ્રેડર, નેશનલ કન્ઝયુમર કમિશને પોતાના નિર્ણયમાં શેયરમાં ટ્રેડ કરવા અને શેયર ખરીદવાના અંતરને સ્પષ્ટ કરેલ છે.

શેયરને રોકાણ માટે લાંબા સમય સુધી ખરીદવાવાળા ટ્રેડર નથી કહેવાતા, કોઈપણ પ્રકારના વિવાદની સ્થિતિમાં શેયર ખરીદવાને કોર્મસીયલ એકટીવીટીની જેમ જ જોવામાં આવે છે.

કમિશનના આ નિર્ણયથી સ્પષ્ટ થઈ ગયું છે કે જો કોઈ એક વર્ષ કે એનાથી વધારે સમય શેયર્સ પોતાની પાસે રાખે છે અને ત્યારબાદ કોઈ વિવાદ થાય છે તો તે બાબતને કન્ઝયુમર ફોરમમાં ઉઠાવી શકાય છે. ગુજરાત રાજયમાં ગ્રાહક સુરક્ષા ધારો ૧૯૬૮ થી અમલમાં છે અને આ ધારાની કલમ ૧૪ પ્રમાણે વેચેલો માલ પરત લેવામાં કે બદલી નહિ આપવામાં આવે તેવું લખાણ કાયદા વિરૂધ્ધ અને ગેરવ્યાજબી છે. આથી રાજયમાં કોઈપણ જગ્યાએ વેપારી બીલમાં, પત્રીકામાં કે બોર્ડમાં આવા પ્રકારનું લખાણ લખી કે છાપી શકતો નથી તેમ છતાં પણ જો કોઈ ઉત્પાદક કે વેપારી દ્વારા બીલ પર આવું લખાણ છાપવામાં આવ્યું હોય તો તે ગ્રાહક આધાર પુરાવા સાથે ગ્રાહક સુરક્ષા મંડળને જાણ કરી શકે છે.

વિદેશમાં પણ આ બાબતમાં કાયદા ઘણા જ કડક છે.ગ્રાહકને જ સર્વોપરી માનવામાં આવ્યો છે તેણે ખર્ચેલા નાણાનું યોગ્ય વળતર ના મળે અગર તો સંતોષજનક વસ્તુ કે સર્વિસ ના મળે તો તેણે ખર્ચેલા નાણા ગ્રાહક વેપારી કે સર્વિસ પ્રોવાઈટર પાસેથી પરત મેળવી શકે છે અગર તો ખામીયુક્ત માલ બદલાવી શકે છે.

ગ્રાહકે વેચાણ લીધેલો માલ વેપારીએ ફરજીયાતપણે બદલી આપવો પડે કે પરત લેવો પડે આ માટે ગ્રાહક જોડે માલનું પાકું બીલ હોવું આવશ્યક છે. કેટલીક વખત ગ્રાહક જીએસટી કે ટેક્ષ બચાવવા માટે બીલ લેવાનું માંડી વાળે છે. પરીણામે ખામી યુકત માલ બદલ કોઈ જ પ્રકારની કાર્યવાહી ગ્રાહક દુકાનદાર સામે કરી શકતો નથી કારણ કે ગ્રાહક પાસે એનો કોઈ પુરાવો નથી કે વસ્તુ કે માલ તેણે પૈસા ચુકવીને ખરીદેલ છે.

ડિપાર્ટમેનટ ઓફ કન્ઝયુમર અર્ફેર્સ ૧૯૯૯ માં આવા પ્રકારના લખાણ ઉપર પ્રતિબંધ મુકેલ હોવા છતાં કેટલીક જગ્યાએ કાયદાની જાણકારીના અભાવે ગ્રાહકો વેપારીના લુંટનો ભોગ બને છે અને સસ્તો માલ ખરીદવાની લાલચમાં ગ્રાહક પુરતી તકેદારી રાખ્યા સીવાય જીએસટી કે ટેક્ષવાળા બીલ મેળવવામાં પાછીપાની કરે છે. કયારેક કોમ્પ્યુટરવાળુ બીલ પકડાવી દેવામાં આવે છે તેમાં કોઈ જ જીએસટી નંબર કે પાન, ટેક્ષ નંબરની જાણકારી છાપવામાં આવતી હોતી નથી તથા આવા બીલોની સહિ તાત્કાલીક ઉડી જાય તેવા પ્રકારની હોવાથી તેના ઉપરના લખાણ લાંબા ગાળે ઉકેલાતા નથી વેપારી ટેકનિકલ બાબતોનો લાભ લઈ આવા પ્રકારે ગ્રાહકોને લુંટે છે અને પોતાનો તકલાદી માલ ગ્રાહકને ભટકવી પોતે રોકડી કરે છે.

મોટાભાગના સેલના પાટીયાઓમાં ૫૦ ટકા કે ૬૦ ટકા સેલના નામે લુંટ કરવામાં આવે છે અને સેલમાં વેચેલો માલ પરત નહિ લઈએ તેવું લખાણ છાપી વેપારી ગ્રાહકોને લુંટે છે. ફલેટ ૫૦ કે ૬૦ ટકાના આપી નાની ફુદડી કરી, નાના અક્ષરે લખાણ લખેલ હોય છે કે શરતોને આધિન તેથી ગ્રાહક વેપારી સામે કોઈ કાયદાકીય પગલા ભરી શકતો નથી સીઝનમાં સેલના નામે, સ્ટોક ક્લિયરન્સના નામે તથા મંદિના નામે વેપારીઓ ગ્રાહકોને ભરમાવે છે અને ગ્રાહક સસ્તો માલ સેલમાં ખરીદવાની લાલચમાં વારંવાર છેતરપીંડીનો ભોગ બનતો આવે છે. ગ્રાહકોને મળતા અધિકાર માટે ગ્રાહકે ચોક્કસ પાકું બીલ લેવાનો આગ્રહ રાખવો જોઈએ જે ગ્રાહકના હિતમાં છે. જાગો ગ્રાહક... જાગો...

# શરૂઆત દુનિયાની થઈ હશે એકાદ સુક્ષ્મ કુંપળથી, થાકી છે પ્રકૃતિ, માનવજાત દ્વારા કરાયેલાં છળથી



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

શરૂઆત દુનિયાની થઈ હશે એકાદ સુક્ષ્મ કુંપળથી,
થાકી છે પ્રકૃતિ, માનવજાત દ્વારા કરાયેલાં છળથી.
જીવંત છે ધરા હજુ વૃક્ષો, પ્રાણીઓ અને વાદળથી.
ઝરણાં, નદી અને દરિયાના પાણીની ખળખળથી.
નિકંદન વૃક્ષોનું, પ્રદુષણ વાયુ અને જળનું અમાપ,
બચશે ધરા કેવી રીતે આ માનવરચિત વમળથી.

- અખ્તર ખત્રી

અમેઝોન જંગલમાં લાગેલી આગથી પર્યાવરણ અંગે જાગૃત છે એવા કેટલાય લોકો રીતસર ડરી ગયા છે! આડેધડ વૃક્ષોનું છેદન, પર્યાવરણની કાળજી અંગેની બેદરકારી, ગ્લોબલ વોર્મિંગ આ તમામ સમસ્યાઓ આજે વિશ્વના તમામ લોકો માટે વિચારણનો વિષય બની રહ્યો છે. આવનારા સમયમાં આ પૃથ્વીની શું પરિસ્થિતિ સર્જાશે એ વિચારતા જ આ પર્યાવરણશાસ્ત્રીઓ અને બુદ્ધિજીવીઓ થરથરી ઊઠે છે. આપણામાં છતાં પણ હજુ એટલી જાગૃતિ આવી નથી. પર્યાવરણની વાત કરતાં હોઈએ ત્યારે જિમ કોર્બેટનું નામ આવે તે સાહજિક છે.

જિમ કોર્બેટનું આખું નામ હતું એડવર્ડ જેમ્સ કોર્બેટ. એક વિશાળ અંગ્રેજ કુટુંબમાં જિમનો જન્મ ૧૮૭૫માં થયેલો. સક્રિય જીવત તેમણે ભારતમાં ગાળ્યું હતું. ૮૦ વર્ષની ઉંમરે તેઓ કેન્યા (આફ્રિકા) માં અવસાન પામ્યાં. જિમ કોર્બેટ એક જગપ્રસિદ્દ શિકારી તરીકે ઓળખાય છે. તેમણે શિકારના અદ્વિતીય વાર્તાકાર પણ ગણવામાં આવે છે. હિમાલયના કુમાઉ અને ગઢવાલ પ્રદેશની ઉત્તમ પહેચાન આપનારા તરીકે પણ વર્ણવાયા છે. કુદરત સાથેના તેમના આવા જ એક અનુભવની વાત કરતા તેમણે લખ્યું છે :

'અંધાધૂધ વૃક્ષોની કટાઈથી વનનાં અનેક પશુ, પંખીઓનું જીવન ખેદાનમેદાન થઈ જતું હોય છે. મારે તેવાં કાંઈક રખડી પડેલા અને અનાથોને આશરો આપવાનો થતો. તે સૌ મારી સાથે એક તંબુમાં રહેતાં. એક સમય એવો હતો કે જયારે મારા તંબુમાં ઘણી બધી ગરદી થઈ ગઈ હતી, કારણ કે ત્યારે મારી સાથે બે બચ્ચાં પેટ્રોજ પક્ષીનાં, એક કાળું અને એક રાખોડી રંગનું, ચાર મોરનાં બચ્ચાં, સસલાનાં બે સાવ નાના બચ્ચાં અને માંડ પોતાના પગ પર ઊભાં રહી શકે તેવાં ચાર શિંગડાવાળા હરણનાં બચ્ચા રહેતાં હતા. તેમાં વળી એક અજગર જેનું નામ રેક્સ પાડ્યું તે જાતે જ આવીને રહેવા લાગ્યો હતો. એકવાર રાત્રે તંબુમાં હું મોડેથી આવ્યો અને હરણના એક બચ્ચાને દૂધ પાતો હતો ત્યાં ફાનસના પ્રકાશમાં જોયું કે તે બચ્ચાની ઘાસની પથારીમાં રેક્સ ગોઠવાઈ ગયો હતો. મેં તરત જ મારા તંબુના સાથીઓની ગણતરી કરી તો તેમાંનું કોઈ ગાયબ થયું ન હતું તેથી રેક્સે પોતે જે જગ્યા પસંદ કરી હતી તે મેં તેને રહેવા માટે આપી. રેક્સ બે મહિના સુધી અમારી સાથે જ રહ્યો. રોજ બપોરે તે ગરમી મેળવા માટે બહાર તડકામાં જઈને બેસે અને રાત્રે પોતાની જગ્યા પર આવીને સૂઈ જાય. પરંતુ તે આખા સમયગાળા દરમિયાન તંબુમાં રહેતા તેના એક પણ સાથીને - બચ્ચાનો તોમે લગીરે ઈજા પહોંચાડી ન હતી.'

જિમ કોર્બેટ કહે છે કે ભારતમાં પરસ્પર પ્રેમ, લાગણી, હૂંફ આ તમામને તેમણે અનુભવ્યું છે. (My India) નામનું પુસતક તેમણે ૧૯૫૨માં લખ્યું હતું જેમાં તેઓ લખે છે : 'હું જે ભારતને ઓળખું છું તેમાં ૪૦ કરોડ માનવીઓ રહે છે. તેમાંના નેવું ટકા લોકો સરળ, પ્રામાણિક, બહાદુર, વફાદાર અને અત્યંત મહેનતુ આત્માઓ છે. અને તેઓ ભગવાનને તેમજ સરકારને રોજ પ્રાર્થના કરે છે કે, કમમાં કમ અમારી મહેનતું ફળ અમને જ મળે તેમાં સહાયભૂત થાઓ. એવા આ લોકો, જેઓ ખરેખર અત્યંત ગરીબ છે અને જેમને 'ભૂખ્યાં ભારતીયો' તરીકે જગત ઓળખે છે અને જેમની વચ્ચે હું રહ્યો અને જેમને હું ચાહું છું અને જેમને વિશે આ પુસ્તક લખવા મથ્યો છું. તેવા એ મારા ભારતના ગરીબ મિત્રોને પૂરી નમ્રતા સાથે આ પુસ્તક અર્પણ કરું છું.'

જિમ કોર્બેટે વનની અને વનપશુઓની જ નહીં, પણ પહાડોમાં રહેતા અને કુદરત સાથે સહજભાવે જીવતા માનવોની સાચી પહેચાન તેમનાં લખાણો દ્વારા આપી છે. શિકારનો તો અનિવાર્ય આપદધર્મ એમણે સ્વીકારેલો. વન્યજીવની, કુદરતની, પર્યાવરણની રક્ષા કાજે ભેખ ધારણ કરનારા આવા મુઠ્ઠીભર લોકોને કારણે હજુ સુધી પૃથ્વી પરનું સંતુલન એટલું બધું ખોરવાયું નથી પણ હવે આપણે સૌએ જાગૃત બનીને સભાનપણે આવનારી પેઢી માટે કંઈક નક્કર કદમ ઉઠાવવા પડશે ! કે જેથી પર્યાવરણનું સંચુલન વધુ ન ખોરવાય અને આપણી આવનારી પેઢી આનંદપૂર્વ સ્વસ્થ જીવી શકે !


Last Seen :

કારણ બધાનું કહેવાતો વિકાસ છે માનવ તારો જ,
ડરે છે તું કેમ ધરાના વિનાશની, માત્ર અટકળથી ?
હજુ સમય છે, તારી પાસે, ચેતી જા તું, 'અખ્તર',
નહીં તો પ્રકૃતિ તને સમજાવશે પછી તેના બળથી.

- અખ્તર ખત્રી

nehalgadhavi101@gmail.com

# અહિંસા અને લશ્કરી સજ્જતા બંને સહયાત્રી : વડાપ્રધાન મોદીનું પ્રતિપાદન



**અતિતની આજ**
ડો. હરિ દેસાઈ

ભારત આઝાદ થવામાં હતો ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અહિંસક સમાજરચનાના આગ્રહી હોવાને કારણે લશ્કર રાખવાના પક્ષધર નહોતા. એ આદર્શોમાં રાચનારા ઑલિયા માણસ જેવા હતા. દુનિયા માત્ર આદર્શવાદના મારગ ચાલવા ટેવાયેલી નથી. કદાચ એટલે જ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે બાપુને કહેવું પડ્યું હતું કે બાપુ, આપ તો મહાત્મા છો; મારે તો દેશ ચલાવવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઑગસ્ટ ૨૦૧૯ના રોજ ૭૩મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રજોગું સંબોધન કરીને પોતાની સરકારની કામગીરી અને ભવિષ્યની યોજનાઓની માંડણી કરી, એમાં મહાત્માના સ્વપ્નને સાકાર કરવા અહિંસાની દુહાઈ દેવાની સાથે જ રાષ્ટ્રીય સુરક્ષા જાળવવા અને આતંકવાદને પહોંચી વળવા માટે લશ્કરી બાબતો અંગેની સજ્જતાને સહયાત્રી લેખાવવાનું, સરદારની જેમ જ, સુપેરે પ્રતિપાદિત કર્યું.

**હિન્દુસ્તાનની સામરિક દુનિયા**

વડાપ્રધાન મોદીએ આતંકવાદ અને હિંસા ફેલાવનારાઓને નેસ્તનાબૂદ કરવા માટે પ્રસંશનીય કામગીરી બજાવવા બદલ સૈનિકો અને સુરક્ષાદળોને વંદન કરવાનું પસંદ કર્યું છે. સમયસર જરૂરી સુધારાઓ કરવાની બાબતમાં પણ તેઓ આગળ વધી રહ્યાનો સંકેત આપે છે. લશ્કરી બાબતોમાં સુધારણા અંગે લાંબા સમયથી ચાલતી રહેલી વિચારણા સંદર્ભે અલગ અલગ સરકારોએ પંચ બેસાડીને ભલામણો માંગી હતી. એ ભલામણોમાં બધાનો લગભગ એકસૂર નીકળતો હોવાનું જણાવીને વડાપ્રધાને વર્તમાન તંત્રજ્ઞાન અને આવતા દિવસોની જરૂરિયાતને પહોંચી વળવા માટે એવાં પગલાં ભરવાની જરૂર છે જેના પ્રતાપે લશ્કરી દળોની ત્રણેય પાંખ એટલે કે આર્મી, નેવી અને ઍરફોર્સ એકસાથે એક જ ઊંચાઈ હાંસલ કરે.ઘણા લાંબા સમયથી વિચારાધીન રહેલા મુદ્દાને સ્પર્શતાં વડાપ્રધાને જાહેરાત કરી હતી કે હવે અમે ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ)ની વ્યવસ્થા કરીશું. આના પ્રતાપે સેનાની ત્રણેય પાંખોને શીર્ષ નેતૃત્વ મળશે.મોદીએ આ હોદ્દાને મહત્વ આપવાનો નિર્ણય જાહેર કર્યો અને એ સુધારણામાં મહત્વનું યોગદાન કરશે, એવું પણ કહ્યું તો ખરું, પરંતુ આ હોદ્દો કેટલા નિર્ણય કરી શકશે અને એ સલાહકારની ભૂમિકામાં હશે કે સંરક્ષણ મંત્રીને વટાવી સીધી જ વડાપ્રધાન મારફત સરકાર સાથેની ચેનલ ધરાવશે, એ હજુ અનિશ્ચિત છે. જોકે લશ્કરી દળોના નિવૃત્ત અધિકારીઓ માને છે કે આ પ્રકારની વ્યવસ્થા યોગ્ય રીતે થાય તો વર્ષો સુધી જે નિર્ણયો માત્ર બાબુગીરીને કારણે રક્ષા મંત્રાલયમાં અટવાતા હતા, એ હવે ઝડપથી લઈ શકાશે. લગભગ ૩૦ વખત સિયાચીનની મુલાકાતે જવાનો વિક્રમ ધરાવતા વાજપેયી સરકારના રક્ષામંત્રી જ્યોર્જ ફર્નાન્ડીસે ઘણો લાંબો સમય અટવાયેલી સ્નો-સ્કૂટરની ખરીદી અંગે જે રીતે નિર્ણય કરીને દાખલો બેસાડ્યો હતો, એ જોતાં સરકાર ધારે તો ઝડપી નિર્ણય કરી શકે છે.

**નિમણૂકનાં વચનોની લહાણી**

વર્ષ ૧૯૯૯માં કારગિલ યુદ્ધ વખતથી એટલે કે છેલ્લા બે દાયકાથી ત્રણેય સેનાઓના સંયુક્ત કમાન્ડની આવશ્યકતા અનુભવાતી હતી. એ પહેલાં પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ આવા હોદ્દે જનરલ થિમૈય્યાને અને વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી જનરલ માણેકશાને ત્રણેય પાંખના વડા બનાવવા માંગતાં હતાં, પણ વિવિધ કારણોસર એ શક્ય બન્યું નહોતું. જોકે વર્ષ ૨૦૦૧થી લઈને અત્યાર લગીની કેન્દ્ર સરકારોએ વિવિધ તબક્કે નિયુક્ત કરેલી સમિતિઓ થકી મળેલી ભલામણો આવા સંયુક્ત વડાની નિમણૂકને ટેકો આપતી રહી હતી. વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી કરેલી જાહેરાત જેવી જાહેરાતો અગાઉ સંસદમાં કૉંગ્રેસ અને ભાજપની સરકારો થકી પણ કરવામાં આવ્યા

- દાયકાઓથી ત્રણેય લશ્કરી દળોના સંકલન માટે સંયુક્ત વડાની વિચારાધીન દરખાસ્તનો હવે અમલ
- વડાપ્રધાન નેહરુની થિમૈય્યાને "ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ" બનાવવામાં કૃષ્ણ મેનને જ ફાચર મારી હતી
- ઇન્દિરાજીએ માણેકશાને ત્રણેય પાંખના વડા નિયુક્ત કરવા હતા,પણ હવાઈદળ-નૌકાદળની નારાજગી
- શ્રીમતી ગાંધીએ સેમને અને રાજીવે કરિઅપ્પાને ફિલ્ડ માર્શલ,ડો.મનમોહને અર્જુનસિંહને માર્શલ બનાવ્યા

છતાં હજુ આવી નિમણૂક કરાઈ નથી. વર્ષ ૨૦૦૨માં સંરક્ષણ મંત્રી જ્યોર્જે આવી જાહેરાત કરી પછી યુપીએ સરકારના ૨૦૦૪ અને ૨૦૦૫માં પ્રણવ મુખરજીએ પણ આવી જ જાહેરાત સંસદમાં કરી હતી. યુપીએ સરકારના સંરક્ષણ મંત્રી એ.કે.એન્ટનીએ તો આ જ જાહેરાત કરવામાં વિક્રમ નોંધાવ્યો હતો. તેમણે તો ૨૦૦૬. ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૩, ફરીને ૨૦૧૩માં કરી. કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા પછી મનોહર પર્રીકરે ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં તેમજ સુભાષ ભામરેએ ૨૦૧૬ અને ૨૦૧૮માં કરી હતી. હજી એ નક્કી થયું લાગતું નથી કે ચીફ ફોર સ્ટાર હશે કે ફાઈવ સ્ટાર; એ ત્રણેય સેનાઓના વડાઓ સમકક્ષ હશે કે ઉપર. જોકે વડાપ્રધાને જાહેરાત કરી છે એટલે એનો અમલ તો થશે એવું જરૂર લાગે છે.

**માઉન્ટબેટનના પત્રનાં તથ્ય**

હમણાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિફેન્સ સ્ટડીઝ ઍન્ડ ઍનાલિસીસ (ઈડસા) માટે નિવૃત્ત લશ્કરી વડા જનરલ વી.પી.મલિક અને અનીત મુખરજીએ લખેલો શોધપત્ર વાંચ્યો. એની સાથે આઝાદ ભારતના પ્રથમ ગવર્નર જનરલ લુઈસ માઉન્ટબેટનનો ૨૭ સપ્ટેમ્બર ૧૯૭૭નો ભારતીય લૅફ્ટ.જનરલ એમ.એલ.છિબ્બરને લખેલો પત્ર વાંચતાં રુવાડાં ખડાં થવાની અનુભૂતિ થઈ. માઉન્ટબેટને ચીનના ભારત પરના આક્રમણ પહેલાં તેમની સાથે બ્રૉડલૅન્ડ્સ ખાતે રોકાયેલા વડાપ્રધાન નેહરુને મિત્રભાવે સલાહ આપી હતી કે તેઓ જનરલ થિમૈય્યાને ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ નિયુક્ત કરે, જેથી ત્રણેય પાંખ વચ્ચે યુદ્ધના સંજોગોમાં બરાબર સંકલન રહી શકે. પત્રમાં ઘણું વિગતવાર જણાવ્યું છે, પરંતુ નેહરુની પોતાની ઈચ્છા છતાં એમના સંરક્ષણ મંત્રી કૃષ્ણ મેનનને જનરલ થિમૈય્યા ભણી દુર્ભાવ હતો એટલે તેમણે એ નિમણૂકમાં અવરોધ આણ્યા હતા. ઉપરાંત લશ્કરી વડા તરીકે જનરલ થાપરને નિયુક્ત કરવામાં અને જનરલ કૌલની રાજકીય દ્રષ્ટિએ નિયુક્તિ કરીને ભારતનું ભારે અહિત કર્યાનું માઉન્ટબેટને જણાવ્યું હતું. "હિંદી ચીની ભાઈ ભાઈ"ના નારામાં રમમાણ નેહરુ ચીની વડાપ્રધાન ઝાઉ એન લાઈના ભરોસે રહ્યા અને ચીને આક્રમણ કર્યું હતું. ૧૯૬૨ના આ યુદ્ધમાં ભારતની જે ફજેતી થઈ એના આઘાતમાં જ નેહરુને લકવો પડ્યો અને મે ૧૯૬૪માં એ મૃત્યુ પામ્યા હતા.

**ઈન્દિરા ગાંધી અને માણેકશા**

વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના સમયગાળામાં ભારતે પૂર્વ પાકિસ્તાનને બાંગલાદેશમાં ફેરવી નાંખવાનું ભવ્ય કામ થવા ઉપરાંત સિક્કિમ દેશને જનમત થકી ભારતમાં ભેળવી દેવાનું ભગીરથ કાર્ય પણ શક્ય બન્યું હતું. બાંગલાદેશ માટેના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં જનરલ માણેકશા જેવા લશ્કરી વડાની કુનેહ અને વડાંપ્રધાન સાથેના ટ્યૂનિંગ થકી જ ભવ્ય વિજય મળ્યો હતો. એક તબક્કે ૧૯૭૧ના યુદ્ધ પછી શ્રીમતી ગાંધી માણેકશાને ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ નિયુક્ત કરવામાં હતાં,પરંતુ એ વેળા ઍરફોર્સ અને નેવીના વડાઓએ એ અંગે પોતાની નારાજગી દર્શાવી એટલે એ વાત ત્યાંજ અટકી હતી.આર્મી ચીફ માણેકશાની તુલનામાં પેલા બંને જુનિયર કક્ષાના હતા. જનરલ માણેકશાને શ્રીમતી ગાંધીએ દેશના પ્રથમ ફિલ્ડ માર્શલ નિયુક્ત કર્યા હતા. એમના પછી વડાપ્રધાન રાજીવ ગાંધીએ જનરલ કરિઅપ્પાને ૧૯૮૬માં ફિલ્ડ માર્શલ નિયુક્ત કર્યા અને હવાઈદળના વડા રહેલા ઍર માર્શલ અર્જુનસિંહને વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહે ૨૦૦૭માં ઈન્ડિયન ઍરફોર્સના માર્શલ (ફિલ્ડ માર્શલ સમકક્ષ) નિયુક્ત કર્યા હતા. આ ત્રણેયને આજીવન સેવારત લેખવામાં આવે અને તેઓ ફાઈવ સ્ટાર હોદ્દો ધરાવતા હોય છે.

**જનરલ રાવતની શક્યતા**

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફની નિયુક્તિ રક્ષા સચિવ કરતાં ઉપરના સ્તરે થવી અપેક્ષિત છે. અત્યાર લગી આઈએએસ અધિકારીઓ સંરક્ષણ મંત્રાલયના વડા તરીકે હોવા સાથે વાઈસ ચીફ કક્ષાના અધિકારી સચિવની નીચે કાર્યરત રહે છે. અંતે નિર્ણય લેવાની સત્તા સચિવના હાથમાં રહે છે. હવે ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ સીધા જ સંરક્ષણ મંત્રી કે વડાપ્રધાનને સલાહ આપશે એટલે નિર્ણયની પ્રક્રિયા ઝડપી બનવાની શક્યતા રહે છે. ઘણીવાર તો સેનાની કોઈ પાંખને તાત્કાલિક ધોરણે કોઈ સામગ્રી ખરીદવાની હોય તો પણ એ બાબુગીરીમાં કે ફાઈલોમાં વર્ષો સુધી અટવાયા કરે છે. અત્યારના ઍરફોર્સના ચીફ ત્રણે પાંખના સ્ટાફની કમિટીના ચૅરમેન છે. એ આગામી ૩૦ સપ્ટેમ્બરે નિવૃત્ત થતા હોવાથી આર્મી ચીફ બીપીન રાવત ત્રણેય પાંખના વડાઓમાં સૌથી વરિષ્ઠ છે અને ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ થવા માટે લાયક પણ છે એટલે ૧ ઑક્ટોબર ૨૦૧૯ના રોજ એમની પહેલા ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ તરીકે નિમણૂક થવાની શક્યતા રહે છે. ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ તરીકે કોઈની પણ નિમણૂક થતાં રક્ષા મંત્રીની સત્તા પર કાપ આવવાની શક્યતા નથી. સાથે જ ન્યૂક્લિઅર અને સ્ટ્રૅટેજિક કમાંડ તો વડાપ્રધાન પાસે જ રહેશે.વડાપ્રધાન તરીકે અટલ બિહારી વાજપેયી ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફની નિમણૂક કરવા ઈચ્છુક હતા પણ એ ના કરી શક્યા, પણ હવે એ હોદ્દા પર વર્તમાન વડાપ્રધાન મોદી યોગ્ય વ્યક્તિની નિમણૂક કરીને સેનાની ત્રણેય પાંખો વચ્ચે સંકલન વધારી શકશે.

- haridesai@gmail.com

(લખ્યા તારીખ : ૨૨ ઓગસ્ટ ૨૦૧૯)